# પાસપોર્ટ ટુ સક્સેસ

## માતાપિતા અને સંભાળ રાખનારની માહિતી શીટ

### તમારા બાળકને સંશોધન અભ્યાસમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

તેઓ ભાગ લઈ શકે છે કે કેમ તે તમે અંગે નક્કી કરો તે પહેલાં, સંશોધન શા માટે થઈ રહ્યું છે અને તેમાં શાનો સમાવેશ હશે તે સમજવું તમારા માટે મહત્વપૂર્ણ છે. કૃપા કરીને નીચેની માહિતી કાળજીપૂર્વક વાંચો. જો કંઇપણ અસ્પષ્ટ છે અથવા જો તમને વધુ માહિતીની જરૂર હોય, તો કૃપા કરીને અમારો સંપર્ક કરો (નીચે 'વધુ માહિતી' નો વિભાગ જુઓ). આ વાંચવા માટે સમય કાઢવા બદલ તમારો આભાર.

## સંશોધન વિશે

<u>આ સંશોધન કોણ કરશે?</u>

અભ્યાસનું નેતૃત્વ પ્રોફેસર નીલ હમ્ફ્રે અને પામેલા ક્વાલ્ટર, માન્ચેસ્ટર ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન, યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર, કરી રહ્યા છે.

<u>સંશોધનનો હેતુ શું છે?</u>

તમારા બાળકની શાળા પાસપોર્ટ વિશેના પ્રોજેક્ટમાં સમાવિષ્ટ છે. પાસપોર્ટ એ એક એવો કાર્યક્રમ છે જેનો ઉદ્દેશ્ય બાળકોને કુશળતાઓ શીખવીને તેમની સુખાકારીમાં સુધારો કરવાનો છે જે તેમને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવામાં મદદ કરે. પાસપોર્ટથી ફરક પડે છે કે કેમ તેની અમે ચકાસણી કરીશું.

<u>કોને ભાગ લેવા માટે કહેવામાં આવી રહ્યું છે?</u>

અમે તમને એટલા માટે લખી રહ્યા છીએ કારણ કે તમારા બાળકની શાળા પાસપોર્ટ ટુ સક્સેસ પ્રોજેક્ટમાં ભાગ લઈ રહી છે. શાળાઓને (એ) 2023/24 શૈક્ષણિક વર્ષ (પાસપોર્ટ સ્કૂલ્સ) દરમિયાન **વર્ષ** 5 માં બાળકોને પાસપોર્ટ પાઠ ભણાવવા અથવા (b) સામાન્ય તરીકે ચાલુ રાખવા (કમ્પેરિઝન સ્કૂલ્સ), માટે પસંદગી કરવામાં આવશે. અમે પાસપોર્ટ અને કમ્પેરિઝન સ્કૂલ બંનેમાં ડેટા એકત્ર કરીશું. તમારા બાળકની શાળાએ આ અભ્યાસનો ભાગ બનવા માટે સાઇન અપ કર્યું છે, જેમાં વિદ્યાર્થીઓ વર્ષમાં એકવાર ઑનલાઇન સર્વેક્ષણ પૂર્ણ કરે છે:

| સર્વેક્ષણ પૂર્ણ | | |
|---|---|---|
| 2023 (સમય 0) | 2024 (સમય 1) | 2025 (સમય 2) |
| વર્ષ 4 નો અંત | વર્ષ 5 નો અંત | વર્ષ 6 નો અંત |

અમે તમારા બાળક માટે આ ત્રણ ટાઇમ પોઇન્ટ્સ પર સર્વેક્ષણ પૂર્ણ કરવા માટે પરવાનગી માંગીએ છીએ.

<u>સંશોધન પ્રકાશિત કરવામાં આવશે?</u>

અમે અમારા તારણો એકેડેમિક જર્નલ્સ, બ્લોગ્સ, કોન્ફરન્સ પ્રેઝન્ટેશન, ડોકટરલ સ્ટુડન્ટ થીસીસ અને વેબસાઈટ અને સોશિયલ મીડિયા પર સારાંશ અહેવાલોમાં પ્રકાશિત કરીશું. સહભાગી શાળાઓ સારાંશ પ્રતિસાદ અહેવાલો મેળવશે. પ્રોજેક્ટ ડેટાસેટ સાર્વજનિક રૂપે પણ ઉપલબ્ધ કરવામાં આવશે. આનો અર્થ એ થશે કે અન્ય સંશોધકો બાળકોની સુખાકારી વિશેના તેમના પોતાના પ્રશ્નોના જવાબ આપવા માટે આ ડેટાનો ઉપયોગ કરી શકે છે. પ્રોજેક્ટ ડેટાસેટમાં હજારો પ્રતિભાવો સમાવિષ્ટ હશે અને કોઈપણ બાળકોની ઓળખ કરવામાં આવશે નહીં. ઉપરોક્ત તમામ બાબતોમાં, તમારા બાળકના પ્રતિભાવો **<u>સંપૂર્ણપણે અનામી</u>** હશે.

<u>ડિસ્ક્લોઝર અને બારીંગ સર્વિસ (DBS) તપાસ</u>

સંશોધન ટીમના દરેક સભ્યોએ ડિસ્ક્લોઝર અને બારીંગ સર્વિસની તપાસ કરાવી છે. આનો અર્થ એ થાય છે કે તેમની પાસે બાળકો સાથે કામ કરવાની અને સંશોધન કરવાની પરવાનગી છે.

સંશોધન પ્રોજેક્ટની સમીક્ષા કોણે કરી છે?

યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર રિસર્ચ એથિક્સ કમિટી (સંદર્ભ: 2022-14050-24401), અને ભંડોળ આપનારાઓ દ્વારા પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવી છે અને તેને મંજૂરી આપવામાં આવી છે.

સંશોધનને ભંડોળ કોણ પૂરું પાડે છે?

આ પ્રોજેક્ટને ચેરિટેબલ ફાઉન્ડેશન કાવલી ટ્રસ્ટ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે, જે કાવલી જૂથનું એકમાત્ર માલિક છે.

## મારા બાળકની સહભાગિતા શું હશે?

તમારા બાળકને સર્વેક્ષણ પૂર્ણ કરવા માટે કહેવામાં આવશે, જેમાં મોટાભાગના બાળકોને 20 મિનિટથી વધુ સમય લાગશે નહીં. આ શાળામાં ઓનલાઇન કરવામાં આવશે. તેઓ વર્ષ 4, 5 અને 6 ના વર્ષમાં એકવાર કરશે.

આ સર્વેક્ષણ પૂર્ણ કરવામાં કોઇ નોંધપાત્ર જોખમો અથવા ગેરફાયદા નથી. જો કે, અમે તમારા બાળકને સહાયના સ્ત્રોતો વિશે જણાવીશું કે જે તેઓ ઉદાસી, ચિંતા અથવા અસ્વસ્થતા જેવી ખરાબ પરિસ્થિતિમાં મેળવી શકે (દા.ત., માતા-પિતા/સંભાળકર્તા, ચાઇલ્ડલાઈન, શાળા સ્ટાફના સભ્ય), અને તમારા બાળકની શાળાને તેમને સહાયરૂપ થવા માટે સામગ્રી આપવામાં આવશે. ભાગ લેવાથી કોઇ નિશ્ચિત લાભ નથી, પરંતુ અમારા અન્ય કામોએ સાબિત કર્યું છે કે સુખાકારી સર્વેક્ષણો પૂર્ણ કરવાથી કેટલાક બાળકોને તેમના જીવન પર વિચાર કરવામાં મદદ મળી શકે છે.

ભાગ લેવા બદલ મને અથવા મારા બાળકને વળતર (દા.ત. પૈસા અથવા વાઉચર્સ પ્રાપ્ત થશે) મળશે?

ભાગ લેવા માટે કોઇ વળતર ઉપલબ્ધ નથી.

જો મારું બાળક ભાગ લે એવી મારી ઇચ્છા ન હોય અથવા જો હું મારો વિચાર બદલીશ તો શું થશે?

તમારા બાળકે ભાગ લેવો કે નહીં તે નક્કી કરવાનું તમારા હાથમાં છે. જો તમે વાંધો ન ઉઠાવો, તો તમારા બાળકને પણ સહભાગી બનવા અંગે પૂછવામાં આવશે. તમે બંને કોઈ પણ કારણ આપ્યા વિના, કોઈપણ સમયે બહાર નીકળી શકો છો. જો તમારા બાળકના ભાગ લીધા પછી, તમે નિર્ણય કરો છો કે તમે તેમના સર્વેક્ષણના જવાબો અમને દૂર કરવા કહો છો, તો તમે રેકોર્ડ કાઢી નાખવા માટે અમારો સંપર્ક કરી શકો છો. જો કે, એકવાર તમારા બાળકનો ડેટા અનામી થઇ જાય તે પછી તેને દૂર કરવાનું શક્ય બનશે નહીં કારણ કે અમે તેમના ચોક્કસ જવાબોને ઓળખી શકીશું નહીં. અમે આશા રાખીએ છીએ કે આ 2026 ના અંત સુધીમાં થશે, તે પછી વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી સુરક્ષિત રીતે નષ્ટ કરવામાં આવશે.

આ તમારા ડેટા સંરક્ષણના અધિકારોને અસર કરતું નથી. જો તમે નક્કી કરો છો કે તમે તમારૂ બાળક ભાગ લે એવું ઇચ્છતા **નથી**, તો કૃપા કરીને આ શીટના અંતમાં ટૂંકા 'ઓપ્ટ-આઉટ' ફોર્મ ભરો અને નિર્દિષ્ટ તારીખ સુધીમાં ફ્રીપોસ્ટ સરનામાંનો ઉપયોગ કરીને અમને પરત કરો. જો તમે પસંદ કરો છો, તો તમે ઓપ્ટ-આઉટ ફોર્મ પર આપેલી માહિતીનો ઉપયોગ કરીને અમને **ટેલિફોન** અથવા **ઇમેઇલ** કરી શકો છો.

## ડેટા સુરક્ષા અને ગોપનીયતા

તમે મારા બાળક વિશે કઈ માહિતી એકત્રિત કરશો?

તમારું બાળક આ સર્વેક્ષણમાં ભાગ લે તેના માટે, અમને એવી માહિતી એકત્રિત કરવાની જરૂર છે જે તેમને ઓળખી શકે, જેને "વ્યક્તિગત ઓળખ માહિતી" કહેવામાં આવે છે. અમારે આ એકત્રિત કરવાની જરૂર પડશે:

- નામ, અટક
- વંશીયતા
- અનોખો વિદ્યાર્થી નંબર
- વય જુથ
- લિંગ
- શું તેઓને વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાતો ધરાવતા તરીકે ઓળખવામાં આવે છે કે કેમ
- શું તેઓ વિનામૂલ્યે શાળા ભોજન માટે પાત્ર છે કે કેમ

આ માહિતી તમારા બાળકની **શાળા** દ્વારા પૂરી પાડવામાં આવશે.

તમારું બાળક જે **સર્વેક્ષણ** પૂર્ણ કરશે તેમાં નીચેની બાબતો અંગે પ્રશ્નો પૂછાશે:

- એકંદર સુખાકારી
- જટીલ લાગણીઓ (દા.ત., ઉદાસી, ચિંતા)
- જટીલ લાગણીઓનો સામનો કરવો
- એકલતા
- દમદાટી
- મિત્રો તરફથી સહયોગ
- જીવનની ગુણવત્તા

અમે તમારા બાળકની શાળા દ્વારા આપવામાં આવેલી માહિતીને તેમના સર્વેક્ષણના જવાબો સાથે લિંક કરીશું. ભવિષ્યમાં, અમે તમારા બાળક વિશેના અમારા પ્રોજેક્ટ ડેટાને **નેશનલ પ્યુપિલ ડેટાબેઝમાં** તેમના <u>શૈક્ષણિક ઉપલબ્ધિ ડેટા</u> સાથે લિંક કરવાની યોજના ધરાવીએ છીએ.

<u>ડેટા કેવી રીતે લિંક થશે અને આ શા માટે લાભદાયક છે?</u>

અમે નેશનલ પ્યુપિલ ડેટાબેઝને તમારા બાળક વિશેની માહિતી (દા.ત. પૂર્વનામ, અટક, અનોખો વિદ્યાર્થી નંબર) સુરક્ષિત રીતે પ્રદાન કરીશું જેથી કરીને તેઓ તેને તમારા બાળકની શૈક્ષણિક ઉપલબ્ધિ વિશે જે માહિતી ધરાવે છે તેની સાથે સરખાવી શકે. અમારા પ્રોજેક્ટ ડેટાને આ રીતે લિંક કરવાથી પાસપોર્ટ પ્રોગ્રામ બાળકોની શૈક્ષણિક ઉપલબ્ધિમાં સુધારો કરે છે કે કેમ તે ચકાસવા માટે સક્ષમ બનાવે છે.

<u>તમે કયા કાયદાકીય આધાર હેઠળ આ માહિતી એકઠી કરી રહ્યા છો?</u>

અમે યુકે ડેટા સંરક્ષણ કાયદા અનુસાર વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી એકત્રિત અને સંગ્રહિત કરીએ છીએ. આ જણાવે છે કે તમારો ડેટા એકત્રિત કરવા માટે અમારી પાસે કાનૂની આધાર (ચોક્કસ કારણ) હોવો આવશ્યક છે. તમારા ડેટાની પ્રક્રિયા કરવા માટે અમે જે જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (GDPR) કાયદેસરના માપદંડો પર આધાર રાખીએ છીએ તે જાહેર હિત (કલમ 6 (1)(e)) છે અને, સ્પેશ્યલ કેટેગરી ડેટા (એથનિસિટી) સંશોધન હેતુઓ માટે (કલમ 9(2)(j) ) શેડ્યૂલ 1 ભાગ 1 (4) DPA 2018) પર આધાર રાખીએ છીએ. આનો અર્થ એ છે કે અમે જાહેર હિતમાં સંશોધન કરવા માટે તમારા બાળકના વ્યક્તિગત ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ; આ કિસ્સામાં તે બાળ સુખાકારીને સુધારવાની પદ્ધતિઓ પર સંશોધન હાથ ધરશે, જે ભવિષ્યની શૈક્ષણિક જોગવાઈની જાણ કરશે.

<u>તમે જે માહિતી એકત્રિત કરશો તેના સંબંધમાં મારા બાળકના અધિકારો શું છે?</u>

તમારું બાળક તેની વ્યક્તિગત માહિતીના સંદર્ભમાં ડેટા સંરક્ષણ કાયદા હેઠળ અધિકારો ધરાવે છે. દા.ત., અમે તેમના વિશે જે માહિતી ધરાવીએ છીએ તેની નકલ માટે તેઓ વિનંતી કરી શકે છે. જો તમે આ વિવિધ અધિકારો અથવા તમારા બાળકની વ્યક્તિગત માહિતીનો અમે જે રીતે ઉપયોગ કરીએ છીએ તેના વિશે વધુ જાણવા માંગતા હો, તો કૃપા કરીને **સંશોધન માટે અમારી પ્રાઈવસી નોટિસનો** સંપર્ક કરો: https://documents.manchester.ac.uk/display.aspx?DocID=37095

શું સર્વેક્ષણમાં મારા બાળકની સહભાગિતા ગોપનીય રહેશે? શું તેમની વ્યક્તિગત ઓળખવા યોગ્ય માહિતીને સુરક્ષિત રાખવામાં આવશે?

ડેટા સંરક્ષણ કાયદા અનુસાર, યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર (University of Manchester) આ પ્રોજેક્ટ માટે ડેટા નિયંત્રક છે. આનો અર્થ એ છે કે તમારી વ્યક્તિગત માહિતી સુરક્ષિત, ગોપનીય રાખવામાં આવે છે તેની ખાતરી કરવા માટે અમે જવાબદાર છીએ અને તમને જે રીતે કહેવામા આવ્યું છે તે રીતે જ તેનો ઉપયોગ કરવામાં આવશે. તમામ સંશોધકોને ડેટાનો જવાબદારીપૂર્વક ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ આપવામાં આવે છે અને તમારા ડેટાની નીચેની રીતે સંભાળ રાખવામાં આવશે:

- બધી માહિતી સંપૂર્ણ રીતે ગુપ્ત રાખવામાં આવશે. સંશોધન ટીમના માત્ર નામાંકિત સભ્યો (તમામ માન્ચેસ્ટરમાં સ્થિત) ઓળખી શકાય તેવા ડેટા*નો ઉપયોગ કરશે, સિવાય કે ડેટા લિન્કેજને સક્ષમ કરવા માટે તે નેશનલ પ્યુપિલ ડેટાબેઝને સુરક્ષિત રીતે પ્રદાન કરવામાં આવે છે (ઉપર જુઓ).
- સંશોધન ટીમે ઉપર વર્ણવેલ રીતોથી ડેટાને લિંક કરવા માટે ઓળખની માહિતીનો ઉપયોગ કર્યા પછી, ડેટાસેટ અનામી બનાવવામાં આવશે. ઉપર જણાવ્યા પ્રમાણે, અમે ધારીએ છીએ કે આ 2026 ના અંત સુધીમાં આમ થશે.
- સર્વેક્ષણનો તમામ ડેટા સુરક્ષિત, એન્ક્રિપ્ટેડ અને પાસવર્ડ-પ્રોટેક્ટેડ ડ્રાઇવ પર સંગ્રહિત કરવામાં આવશે જેનો ફક્ત સંશોધન ટીમના નામાંકિત સભ્યો જ ઉપયોગ કરી શકે છે.

- બધા ડેટાની પ્રક્રિયા જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (GDPR) કાયદા અનુસાર કરવામાં આવશે.
- જો તમે તમારા બાળકના આ અભ્યાસમાં ભાગ લેવા માટે સંમત થાઓ છો અને તમને કોઈ વાંધો નથી, તો તેમના વિશેની ઓળખી ન શકાય તેવી માહિતી અન્ય સંશોધકો અને એજન્સીઓ સાથે શેર કરવામાં આવશે. યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટરની રીસર્ચ પ્રાઈવસી નોટિસ (ઉપરની લિંક જુઓ) અનુસાર વધારાના સંશોધનને સમર્થન આપવા માટે છે. પહેલેથી જ નોંધવામાં આવ્યું છે તેમ, આ માહિતી સંપૂર્ણ અનામી હશે.

* કૃપા કરીને નોંધ કરો કે યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટરના વ્યક્તિઓ અથવા અન્ય અધિકારીઓને પણ આ અભ્યાસ માટે એકત્રિત કરેલા ડેટા વિશે જાણવાની જરૂર પડી શકે છે તે સુનિશ્ચિત કરવા માટે કે આ પ્રોજેક્ટ યોજના પ્રમાણે કરવામાં આવી રહ્યો છે. આમાં ઓળખી શકાય તેવા ડેટા જોવાનું શામેલ હોઈ શકે છે. અભ્યાસની દેખરેખ સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓ માટે એક સહભાગી તરીકે તમારા/તમારા બાળકની ગુપ્તતા રાખવાની કડક ફરજ રહેશે. ઉપરાંત, ઉપર જણાવ્યું છે તેમ અમારે નેશનલ પ્યુપિલ ડેટાબેઝ સાથે અમુક ઓળખી શકાય તેવા ડેટાને સુરક્ષિત રીતે શેર કરવાની જરૂર છે અને ત્યારબાદ, **ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સ** સાથે તેમને તમારા બાળકના શૈક્ષણિક રેકોર્ડ સાથે લિંક કરવા માટે શેર કરવાના રહેશે.

## જો મને કોઈ ફરિયાદ હોય તો શું?

જો તમને કોઈ ફરિયાદ હોય, તો કૃપા કરીને તેને સંશોધન ટીમના સભ્યોને મોકલો. કૃપા કરીને પ્રોજેક્ટ લીડનો સંપર્ક કરો:

- Professor Pamela Qualter

Ellen Wilkinson Building, Manchester Institute of Education, The University of Manchester, Oxford Road, Manchester M13 9PL

ઈમેલ: pamela.qualter@manchester.ac.uk

જો તમે સંશોધન ટીમની બહારના કોઈ વિશે ઔપચારિક ફરિયાદ કરવા ઇચ્છતા હોવ અથવા જો તમે સંશોધનકારો દ્વારા મળેલા પ્રથમ પ્રતિસાદથી સંતુષ્ટ ન હો, તો કૃપા કરીને સંપર્ક કરો:

- The Research Ethics Manager

The Research Ethics Manager, Research Office, Christie Building, The University of Manchester, Oxford Road, Manchester, M13 9PL



MANCHESTER 1824
The University of Manchester

ઈમેઈલ: research.complaints@manchester.ac.uk

ટેલિફોન: 0161 306 8089

જો તમે તમારા બાળકનો ડેટા સંરક્ષણ અધિકાર વિશે અમારો સંપર્ક કરવા માંગતા હો, તો કૃપા કરીને dataprotection@manchester.ac.uk ને ઇમેઇલ કરો અથવા The Information Governance Office, Christie Building, The University of Manchester, Oxford Road, M13 9PL ને પત્ર લખો અને અમે પ્રક્રિયા દરમ્યાન તમારા અધિકારોનો ઉપયોગ કરવા માટે તમને માર્ગદર્શન આપીશું.

તમને તમારા બાળકની વ્યક્તિગત ઓળખવા યોગ્ય માહિતીથી સંબંધિત ફરિયાદો અંગે માહિતી કમિશનરની ઓફિસમાં પણ ફરિયાદ કરવાનો અધિકાર છે:

ઓનલાઈન: https://ico.org.uk/make-a-complaint/

ટેલિફોન: 0303 123 1113

## વધારાની માહિતી

જો તમને કોઈ પ્રશ્નો હોય, તો તમે અમને passport@manchester.ac.uk પર ઇમેઇલ કરી શકો છો અથવા 01612758512 પર કૉલ કરી શકો છો.

## આ માહિતી પત્રક વાંચવા માટે સમય કાઢવા બદલ તમારો આભાર.

## તમારા બાળકને આ સંશોધનનો ભાગ બનવાની સંમતિ આપવી

- અમને આશા છે કે તમે તમારા બાળકને આ સંશોધનમાં ભાગ લેવાની પરવાનગી આપશો.
- પરવાનગી આપવા માટે, તમારું બાળક 'પાસપોર્ટ ટુ સક્સેસ' સર્વેક્ષણો પૂર્ણ કરે, તેમના સર્વેક્ષણના ડેટાને તેમના વિશેની પૃષ્ઠભૂમિ માહિતી સાથે લિંક કરવા અને તેમના વિશે રાખવામાં આવેલી અન્ય માહિતી સાથે તેમના ડેટાને ભવિષ્યમાં લિંક કરવા માટે તમે સંમત થાઓ છો (ઉપર દર્શાવેલ 'ડેટા સુરક્ષા અને ગોપનીયતા').
- જો તમે પરવાનગી ન આપો, તો તમારે **નીચેનું ફોર્મ (અથવા ફોર્મમાં આપેલી માહિતીનો ઉપયોગ કરીને અમને ઇમેઇલ અથવા કૉલ કરો) શક્ય તેટલું જલ્દી પરત કરવાનું રહેશે, પરંતુ** <u>27મી</u> **<u>માર્ચ</u>** પછી નહીં.
- ભાગ ન લેવાનું પસંદ કરવાથી તમને અથવા તમારા બાળકને કોઇપણ રીતે ગેરલાભ થશે નહીં.
- તે બધા બાળકોને સ્પષ્ટ કરવામાં આવશે કે તેઓએ ભાગ લેવો અથવા નહીં તે તેમના હાથમાં છે. તેઓને એ પણ યાદ અપાવવામાં આવશે કે જો તેઓ જવાબ આપવા ઇચ્છતા ન હોય તો તેઓ પ્રશ્નો છોડી શકે છે.

---

જો તમારું બાળક ભાગ લે તેવું તમે ઇચ્છતા **<u>નથી</u>** તો તમારે માત્ર આ સ્લીપને પૂર્ણ કરવાની અને પરત કરવાની જરૂર છે. કૃપા કરીને નીચે દર્શાવેલ માહિતી passport@manchester.ac.uk પર **ઈમેલ** કરો, 0161 275 8512 પર કૉલ કરો અથવા <u>27મી</u> **<u>માર્ચ</u> સુધીમાં** નીચેના સરનામે (ફ્રીપોસ્ટ, સ્ટેમ્પની જરૂર નથી) પર **પોસ્ટ** કરો:

FREEPOST RLYU-KAAB-AXRC
Joao Santos
Manchester Institute of Education
B4.10 Ellen Wilkinson Building
University of Manchester
Oxford Road
Manchester
M13 9PL



MANCHESTER 1824
The University of Manchester

**<u>તમારે સ્ટેમ્પ શામેલ કરવાની જરૂર નથી.</u>**

**જો તમે તમારું બાળક ભાગ લે તે માટે ખુશ છો, તો તમારે કંઇ કરવાની જરૂર નથી.**

પ્રિય પામ ક્વાલ્ટર અને નીલ હમ્ફ્રે,

હું મારા બાળકને 'પાસપોર્ટ ટુ સક્સેસ' અભ્યાસમાંની સહભાગિતા પાછી ખેંચવા ઇચ્છુ છું.

| | |
|---|---|
| **બાળકનું નામ:** | |
| **બાળકની શાળા:** | |
| **માતપિતા/સંભાળ રાખનારનું નામ:** | |
| **માતપિતા/સંભાળ રાખનારની સહી:** | |
| **તારીખ:** | |



MANCHESTER 1824
The University of Manchester